E.C.


કવિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧

ઈમેઈલ-registrar.kskvku@gmail.com વેબ-kskvku.digitaluniversity.ac


ક.યુ./ઇ.સી./કા.નો./૩૧મી ડિસે./૨૦૨૧-૨૨/ ૨૦ તા:૦૬/૦૧/૨૦૨૨

પ્રતિ,
તમામ એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

વિષય : તા.૩૧/૧૨/૨૦૨૧ રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની કાર્યવાહી નોંધ મોકલવા બાબત.

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા:૩૧/૧૨/૨૦૨૧ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ.

બિડાણ:- કાર્યવાહી નોંધની નકલ.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

નકલ સવિનય રવાના:- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

# તા.૩૧મી ડિસેમ્બર–૨૦૨૧ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તા.૩૧મી ડિસેમ્બર–૨૦૨૧ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાક યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| પ્રો.(ડૉ.) જયરાજસિંહ.ડી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| પ્રો.(ડૉ.) પી.એસ.હિરાણી<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ.કાશ્મીરા પી.મહેતા<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર–કચ્છ.. | સભ્યશ્રી | હાજર |
| ડૉ. પરેશ રાવલ<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાપર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| પ્રો.(ડૉ.) વિજય વ્યાસ<br>પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ. આર.વી.બસીયા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી ભવન,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ડૉ. જી.એમ.બુટાણી<br>કુલસચિવશ્રી,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

કાર્યસુચિ :–

૧. ગત તા.૧૫/૦૯/૨૦૨૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિનિટ્સનું વાંચન અને બહાલી બાબત.

ઠરાવઃ– ૧. તા. ૧૫/૦૯/૨૦૨૧ રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.

૨. આર.ટી.આઇ.માં ઉત્તરવહી માંગવાનો સમયગાળો વધારો કરવા બાબત.

ઠરાવઃ– ૨. આર.ટી.આઇ.માં ઉત્તરવહી માંગવાનો સમયગાળો વધારો નામંજૂર કરવામાં આવે છે તથા જે હાલ સમયગાળો છે તે ચાલુ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩. યુનિવર્સિટી કેમ્પસ પરના અનુસ્નાતક ભવનોના અધ્યાપકોને રીસર્ચ/પ્રોજેક્ટ માટે રકમની ફાળવણી કરવા બાબત.

ઠરાવઃ– ૩. યુનિવર્સિટી કેમ્પસ પરના અનુસ્નાતક ભવનોના અધ્યાપકોને રીસર્ચ/પ્રોજેક્ટ માટે રકમની ફાળવણી કરવા અન્વયે સદર બાબત માટે અલગથી મીટીગ કરવાનું નક્કી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૪. ૧૧માં પદવીદાન સમારંભ યોજવા અને થનાર ખર્ચ અંગે કમિટીની રચના બાબત.

ઠરાવઃ– ૪. ૧૧માં પદવીદાન સમારંભ યોજવા અને થનાર ખર્ચ અંગે કમિટીની રચના અન્વયે પરીસ્થિતિને ધ્યાને લઇને ઓનલાઇન કે ઓફ લાઇન યોજવા અને હાઇ પાવર કમિટીની રચના કરવાની સત્તા મા.કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫. આંતર યુનિવર્સિટી કર્મચારી રમત ગમત સ્પર્ધાના ખર્ચની મંજૂરી બાબત.

ઠરાવઃ– ૫. આંતર યુનિવર્સિટી કર્મચારી રમત ગમત સ્પર્ધાના ખર્ચની મંજૂરી બાબતે રમત ગમત સ્પર્ધામાં આવક કરતા ખર્ચ વધે તો આગામી એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભામાં મંજૂરી લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૬. શ્રી મેઘુભા સોઢાના પીએચ.ડી. અંગેના નામદાર હાઇકોર્ટના કેસ અંગેની જાણ અને થયેલ ખર્ચની બહાલી બાબત.

ઠરાવઃ– ૬. શ્રી મેઘુભા સોઢાના પીએચ.ડી. અંગેના નામદાર હાઇકોર્ટના કેસ અંગેની જાણ અને થયેલ ખર્ચ સર્વાનુમતે બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૭. તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ યોજાયેલ ખરીદ સમિતીની મીટીગની મીનીટ્સની બહાલી બાબત.

ઠરાવઃ– ૭ તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ યોજાયેલ ખરીદ સમિતીની મીટીગની મીનીટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.

૮. અર્બન સ્પોર્ટસ ઈન્ફ્રાટ્રકચર યોજના અંર્તગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા કુલ રૂા ૧૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે.જેમા ૭ કરોડ તેમનાદ્વારા આપવામાં આવશે અને ૩ કરોડ સંસ્થાએ ભોગવવા માટેની માન.કુલપતિશ્રીની નોંધ મેળવેલ મંજુરી મુજબ આપેલ બાંહેધરીને બહાલી આપવા બાબત.

**ઠરાવઃ– ૮ અર્બન સ્પોર્ટસ ઈન્ફ્રાટ્રકચર યોજના અંર્તગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા કુલ રૂા ૧૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે.જેમા ૭ કરોડ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આપવામાં આવશે અને ૩ કરોડ કચ્છ યુનિવર્સિટી ભોગવવા સદર બાબતે સરકારશ્રીમાં કરેલ રજૂઆત બાદ જો રકમ ના મળે તો યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી અનામત રાખવા અને જરૂર પડે તો તેનો ઉપયોગ કરવા આથી સર્વાનુમતે મંજૂરી આપવા ઠરાવવામાં આવ્યું.**

૯. સરકારશ્રી/યુનિવર્સિટી દ્વારા મંજુર થતા વિવિધ કામોને તાંત્રિક મંજુરી બિલ્ડીગ સમિતી મારફતે મેળવવા તા. ૧૫/૦૯/૨૦૨૧ની ઈ.સી.ના ઠરાવ નં.૨૮(Annexure-3) મુજબ અન્ય યુનિવર્સિટી માંથી માહિતી મેળવી ફેર રજુઆત કરવા ઠરાવવામા આવેલ. જે અન્વયે તાંત્રિક મંજુરી મેળવવા સંદર્ભે અન્ય યુનિવર્સિટીઓના આધારો આ સાથે સામેલ છે. જે અંગે નિર્ણય બાબત.

**ઠરાવઃ– ૯. તાંત્રિક મંજૂરી (ટેકનીકલ સેન્સન)ની મંજૂરી યુનિવર્સિટીની બિલ્ડીગ સમિતીએ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું..**

૧૦. કચ્છ યુનિર્વસિટી દ્વારા કોવિડ–૧૯ની મહામારીના સમયગાળામાં જાન્યુઆરી–૨૦૨૧ની પરીક્ષામાં સરકારશ્રીના પત્ર મુજબ સ્નાતક સેમેસ્ટર–૨ અને ૪ના વિધાર્થીઓને મેરીટ બેઈઝ પ્રોગ્રેશન મુજબ પરીક્ષા ફોર્મ અને પ્રોસેસ ફી રૂપીયા ૨૫ ભરી ત્યાર બાદ પરીણામ જાહેર કરવામાં આવેલ અને જેમાં ઘણા વિધાર્થી કોવિડ–૧૯ના કારણે ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ તેવા વિધાર્થીના પરીક્ષા ફોર્મ ભરાવીને એમ.બી.પી મુજબ પરીણામ જાહેર કરવા બાબત.

**ઠરાવઃ– ૧૦. સદર બાબત એક્ઝિક્યુટીવ કાઉન્સીલએ નોંધ લીધેલ છે.**

૧૧. જુન–જુલાઈ–૨૦૨૧ની પરીક્ષામાં સરકારશ્રીના પરીપત્ર મુજબ મેરીટ બેઈઝ પ્રોગ્રેશન મુજબ પરીણામ જાહેર કરવામાં આવેલ જેમાં ઘણા વિધાર્થીઓ નાપાસ થયેલ અને અસંતોષ હોતા સ્નાતક સેમેસ્ટર–૨ અને ૪ના વિધાર્થીઓને આગામી ડિસેમ્બર–૨૦૨૧ની સેમેસ્ટર–૧ અને ૩ની પરીક્ષા લેવામાં આવશે તે પરીક્ષામાં જો વિધાર્થી પાસ થશે તો તેનુ એમ.બી.પીનું પરીણામ સેમેસ્ટર–૨ અને ૪નું ૧ અને ૩ના આધારે ફરીથી Post Dated Result પરીક્ષા ફી ભર્યા બાદ સુધારો કરવા બાબત.

**ઠરાવઃ– ૧૧. સદર બાબત એક્ઝિક્યુટીવ કાઉન્સીલએ નોંધ લીધેલ છે.**

૧૨. આગામી નવેમ્બર–ડિસેમ્બર–૨૦૨૧ અને માર્ચ–એપ્રિલ–૨૦૨૨ની પરીક્ષા માટે પરીક્ષા શુધ્ધી સમિતીની રચના કરવા બાબત.

**ઠરાવઃ– ૧૨. એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીમાંથી કોઈપણને ચેયરમેનશ્રી બનાવવાની સત્તા મા.કુલપતિશ્રીને સોપવામાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૩. અન્ય યુનિવર્સિટી માંથી આવતા વિધાર્થીઓને ડીગ્રીમાં P ગ્રેડ દર્શાવવામાં આવે છે જે અગાઉના નિર્ણયનું પુનઃવિચારણા કરવા અને અન્ય યુનિવર્સિટી માંથી આવતા વિધાર્થીઓની માર્કશીટમાં કચ્છ યુનિવર્સિટીની માર્કશીટમાં તેની ક્રેડીટ/ગુણ દર્શાવી માર્કશીટ ઈસ્યુ કરવા બાબત.

ઠરાવઃ– ૧૩. તા.૩૦/૦૫/૨૦૧૮ના એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભામાં થયેલ ઠરાવ નં.૧૪/૧ને રદ્દ કરવામા આવે છે અને અન્ય યુનિવર્સિટી માંથી આવતા વિદ્યાર્થીઓની માર્કશીટ બીજા વિદ્યાર્થીઓની જેમ જ કચ્છ યુનિવર્સિટીની માર્કશીટમાં તેની ક્રેડીટ/ગુણ/ગ્રેડ અને ડિગ્રી સર્ટીફિકેટમાં આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૪. બી.એમ.સી.બી નર્સિંગ કોલેજમાં શરૂ થયેલ નવા અભ્યાસની P.B.B.SC ની પરીક્ષા ફી નક્કી કરવા બાબત.

ઠરાવઃ– ૧૪ બી.એમ.સી.બી નર્સિંગ કોલેજમાં શરૂ થયેલ નવા અભ્યાસની P.B.B.SC ની પરીક્ષા ફી રૂ.૫,૦૦૦/– અંકે રૂ.પાંચ હજાર પુરા નક્કી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૫. અંગદાન કરેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ૫ (પાંચ) માર્ક્સ ઇન્ટર્નલ આપવા અને માર્કશીટમાં સ્લોગન દર્શાવા બાબત.

ઠરાવઃ– ૧૫ અંગદાન કરેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ૫ (પાંચ) માર્ક્સ ઇન્ટર્નલ આપવા અને માર્કશીટમાં સ્લોગન દર્શાવા બાબત નામંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૬. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ – ૨૩ માં ચાલુ/ વધારાના/ નવા જોડાણની એલ.આઈ.સી. કરવા અંગેની કાર્યવાહી કરવા બાબત.

ઠરાવઃ– ૧૬ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ – ૨૩ માં ચાલુ/ વધારાના/ નવા જોડાણની એલ.આઈ.સી. કરવા અંગેની કાર્યવાહી કરવાની મંજૂરી આપવામાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૭. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (ઉચ્ચ સંવર્ગ–કચ્છ વિસ્તાર)ના આવેદનપત્રની રજૂઆત આવેલ છે કે, લાલન કોલેજમાં થયેલ હુમલામાં વિદ્યાર્થીની સજામાં વધારો કરવા બાબતે.

ઠરાવઃ– ૧૭ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (ઉચ્ચ સંવર્ગ–કચ્છ વિસ્તાર)ના આવેદનપત્રની રજૂઆત આવેલ છે કે, લાલન કોલેજમાં થયેલ હુમલામાં વિદ્યાર્થીની સજામાં વધારો કરવા બાબતે વિસ્તૃત અહેવાલ અને સજાની જોગવાઇ રજીસ્ટ્રારશ્રીએ રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૮. યુનિવર્સિટીના સ્વભંડોળના બજેટની સમીક્ષા અને મંજૂરી બાબત.

ઠરાવઃ– ૧૮ યુનિવર્સિટીના સ્વભંડોળના બજેટની વિગતો સહિત અહેવાલ આગામી એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૯. ગુજરાતની અન્ય યુનિવર્સિટીના જી.એસ.ટી.ના દરના પરિપત્રો સામેલ છે. જેથી કચ્છ યુનિવર્સિટીના જી.એસ.ટી.ના દર અંગે સમીક્ષા કરવા અંગે.

ઠરાવઃ– ૧૯ કચ્છ યુનિવર્સિટીના જી.એસ.ટી.ના દર અંગે સરકારશ્રીના જી.એસ.ટી. દર મુજબનો અમલ પરીપત્ર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૦. CA દ્વારા કરાયેલ Internal Audit ના વર્ષ ૨૦૧૭–૨૦૧૮ થી ૨૦૧૯–૨૦૨૦ સુધી મંજૂર કરાવવા બાબત.

ઠરાવઃ– ૨૦ CA દ્વારા કરાયેલ Internal Audit ના વર્ષ ૨૦૧૭–૨૦૧૮ થી ૨૦૧૯–૨૦૨૦ સુધીના સદર હિસાબો એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં ભલામણ કરવામાં આવે છે અને સેનેટમાં રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૧. બેન્કમાં ડિપોઝીટ મુકવા બાબત.

ઠરાવઃ– ૨૧ બેન્કમાં ડિપોઝીટ મુકવા બાબતે કોઇપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ડિપોઝીટ મુકવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૨. સેલ્ફ ફાયનાન્સ ડિપાર્ટમેન્ટના અધ્યાપકોને પેપર મૂલ્યાંકન કામગીરી કરવાની રજૂઆત બાબત.

ઠરાવઃ– ૨૨ સેલ્ફ ફાયનાન્સ ડિપાર્ટમેન્ટના અધ્યાપકોને પેપર મૂલ્યાંકન કામગીરી સદર સત્તા વહીવટી નિર્ણય હોઇ એક્ઝિક્યુટીવ કાઉન્સીલએ કોઇ નિર્ણય લેવાનો રહેતો નથી.

૨૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના અધ્યાપકશ્રીઓને આપવામાં આવેલ પી.જી. માન્યતાને બહાલી આપવા અંગે.

| માન્ય અનુસ્નાતક શિક્ષકોની યાદી | | |
|---|---|---|
| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | વિષય |
| ૧. | ડૉ. શ્રી ભરતકુમાર નારાણ છાંગા | અર્થશાસ્ત્ર |
| ૨. | ડૉ. શ્રી પરમાર દિપા જેઠાલાલ | ગુજરાતી |
| ૩. | ડૉ. શ્રી બારોટિયા વૈભવ બી. | એકાઉન્ટન્સી |
| ૪. | ડૉ. શ્રી જાદવ નવનીત પી. | શારીરિક શિક્ષણ |
| ૫. | શ્રી વિનોદ માલશી કટુવા | હિન્દી |
| ૬. | શ્રી જયેશ મધુરસિંહ મટાણી | એકાઉન્ટન્સી |
| ૭. | ડૉ. શ્રી પલ્લવી શાહ | શિક્ષણશાસ્ત્ર |
| ૮. | શ્રી જયાબેન મહાલા | શિક્ષણશાસ્ત્ર |
| ૯. | ડૉ. શ્રી હિમાંસુ પ્રસાદ ડી. પટેલ | શિક્ષણશાસ્ત્ર |

ઠરાવઃ– ૨૩ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના અધ્યાપકશ્રીઓની ઉપરોક્ત યાદીના આધ્યાપકોશ્રીઓને પી.જી. માન્યતાને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૪. નીડ કમિટીના અહેવાલની જાણ અને આગળની કાર્યવાહી કરવા બાબત.

ઠરાવઃ– ૨૪ નીડ કમિટીના અહેવાલ બહાલ રાખવામાં આવે છે અને આગળની કરવાની થતી કાર્યવાહી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૫. તોલાણી કોમર્સ કોલેજ ખાતે એમ.કોમ.(ગ્રાન્ટ–ઇન–એઇડ)માં અધ્યાપક સહાયકની ભરતી બાબત.

**ઠરાવ:– ૨૫** તોલાણી કોમર્સ કોલેજ ખાતે એમ.કોમ.(ગ્રાન્ટ–ઇન–એઇડ)માં અધ્યાપક સહાયકની ભરતી અન્વયે કોલેજે યુનિવર્સિટીને આપેલ પત્ર માન્ય રાખીને કરાર આધારીત સ્વનિર્ભર ધોરણે મંજૂરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૬. ડૉ.મૃગેશ એચ.ત્રિવેદીના રાષ્ટ્રીય એજ્યુકેશન પોલિસી અંતગર્ત શેડયુલ–૧ એન્વાયરમેન્ટ ઓડિટર સ્કીમની દરખાસ્તની ચર્ચા અને લોન પેટે રકમ રૂ.સાત લાખ ફાળવવા બાબત.

**ઠરાવ:– ૨૬** ડૉ.મૃગેશ એચ.ત્રિવેદીના રાષ્ટ્રીય એજ્યુકેશન પોલિસી અંતગર્ત શેડયુલ–૧ એન્વાયરમેન્ટ ઓડિટર સ્કીમની રકમ રૂ.સાત લાખ ફાળવણી કરવાની મંજૂરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૭. ડૉ.કાશ્મીરા મહેતા દ્વારા થયેલ રજૂઆત મુજબ પદ્મશ્રી નારાયણ જોષી 'કારાયલ'ને પીએચ.ડી.ની માનદ્ ડિગ્રી આપવા બાબત.

**ઠરાવ:– ૨૭** પીએચ.ડી.ની માનદ્ ડિગ્રી આપવા માટેની લાયકાતના નિયમો/માર્ગદર્શિકા માટે કમિટી બનાવવી અને તેની સત્તા માન.કુલપતિશ્રીને સોંપવામાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૮. સેન્ટર ફોર એકસેલન્સના સાધનોના રીપેરીંગ ખર્ચની અંદાજીત રકમ રૂ.૨.૫ લાખ મંજૂર કરવા બાબત.

**ઠરાવ:– ૨૮** સેન્ટર ફોર એકસેલન્સના સાધનોના રીપેરીંગ ખર્ચની અંદાજીત રકમ રૂ.૨.૫ લાખ સેન્ટર ફોર એકસેલન્સની ગ્રાન્ટમાંથી ખર્ચ મંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૯. સેલ્ફ ફાઇનાન્સ કોર્સની ફીની પુનઃસમીક્ષા કરવા બાબત.

**ઠરાવ:– ૨૯** સેલ્ફ ફાઇનાન્સ કોર્સની ફીની પુનઃસમીક્ષા કરવા બાબત અન્વયે રસાયણશાસ્ત્રની ફી ઘટાડાની સત્તા માન.કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩૦. 'વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો–૨૦૨૨'માં થનાર અંદાજિત ખર્ચ રૂ.૮,૦૦,૦૦૦/– અંકે રૂ.આઠ લાખ મંજૂર કરવા બાબત.

**ઠરાવ:– ૩૦** વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો–૨૦૨૨'માં થનાર અંદાજિત ખર્ચ રૂ.૮,૦૦,૦૦૦/– અંકે રૂ.આઠ લાખ મંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩૧. યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોના અધ્યાપકશ્રીઓને મળેલ પીએચ.ડી. માર્ગદર્શક તરીકેની માન્યતાને બહાલી આપવા અંગે.

**ઠરાવ:– ૩૧** યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોના અધ્યાપકશ્રીઓને મળેલ પીએચ.ડી. માર્ગદર્શક તરીકેની માન્યતાને બહાલીને સરકારીશ્રીના નિર્ણય બાદ પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩૨. એન.સી.સી.અભ્યાસક્રમને બહાલી અને એડહોક બી.ઓ.એસ.રચના કરવા બાબત.

ઠરાવઃ— ૩૨ એન.સી.સી.અભ્યાસક્રમને બહાલી અને એડહોક બી.ઓ.એસ.રચના કરવાની મંજૂરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩૩. પરીક્ષા વિભાગના એડહોક કર્મચારીઓને પરીક્ષા ભથ્થું માંગણી અંગેની રજૂઆત બાબત.

ઠરાવઃ— ૩૩ પરીક્ષા વિભાગના એડહોક કર્મચારીઓને પરીક્ષા ભથ્થું માંગણી અંગેની રજૂઆત અન્વયે પરીક્ષા વિભાગના એડહોક કર્મચારીઓને પરીક્ષા સમય દરમિયાન ચુકવાતુ ભથ્થુ રૂા.૩૦૦/— થી વધારીને રૂા.૫૦૦/— કરવા પરીક્ષા વિભાગ સિવાયના અન્ય કોઇ કર્મચારીને આ લાભ મળશે નહિ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩૪. પીએચ.ડી.પ્રવેશ પરીક્ષામાં સી.એ., સી.એસ. અને આઇ.સી.ડબલ્યુ.એ.પદવી ધારકને અનુસ્નાતક સમકક્ષ ગણી પીએચ.ડી.માં પ્રવેશ આપવા બાબત.

ઠરાવઃ— ૩૪ પીએચ.ડી.પ્રવેશ પરીક્ષામાં સી.એ., સી.એસ. અને આઇ.સી.ડબલ્યુ.એ.પદવી ધારકને અનુસ્નાતક સમકક્ષ ગણી પીએચ.ડી.માં પ્રવેશ આપવા અન્વયે યુનિવર્સિટીના હાલના નિયમ મુજબ મંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩૫. યુનિવર્સિટીના કર્મચારીઓ તથા સતા મંડળના પદાધિકારીશ્રીઓને યુનિવર્સિટી કેમ્પસ પર લગ્ન પ્રસંગ યોજવાની પરવાનગી આપવા અંગેની રજૂઆત બાબત.

ઠરાવઃ— ૩૫ યુનિવર્સિટીના કર્મચારીઓ તથા સતા મંડળના પદાધિકારીશ્રીઓને યુનિવર્સિટી કેમ્પસ પર લગ્ન પ્રસંગ યોજવાની પરવાનગી આપવાની રજૂઆત નામંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩૬. અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદના સોવેનિયર 'સ્મૃતિ મંજૂષા'માં જાહેરાતના રૂા. ૩ લાખની રકમ મંજૂર કરવા બાબત.

ઠરાવઃ— ૩૬ અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદના સોવેનિયર 'સ્મૃતિ મંજૂષા'માં જાહેરાતના રૂા. ૩ લાખની રકમ મંજૂર કરવા અનુસંધાને સોવેનિયર 'સ્મૃતિ મંજૂષા'માં જાહેરાત પેટે રૂા.ત્રણ લાખ મંજૂર કરવામાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**અધ્યક્ષસ્થાને રજૂ થયેલ મુદ્દાઓ..**

૩૭. પરીક્ષા સબંધી નવા દર નક્કી કરવાની સમિતિનો અહેવાલ સુપ્રત કરેલ બાબત.

ઠરાવઃ— ૩૭ પરીક્ષા સબંધી નવા દર નક્કી કરવાની સમિતિનો અહેવાલ મંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩૮. પરીક્ષા વિભાગના ક્યુ/જાહેરનામું/કોપીકેસ/ઓગસ્ટ/૨૦૨૧/૧૦૦૯૮,તા.૨૨/૧૨/૨૦૨૧ના જાહેરનામાને બહાલી આપવા બાબત.

ઠરાવઃ— ૩૮ પરીક્ષા વિભાગના ક્યુ /જાહેરનામું/ કોપીકેસ/ ઓગસ્ટ/ ૨૦૨૧/ ૧૦૦૯૮, તા.૨૨/૧૨/૨૦૨૧ના જાહેરનામાને બહાલીને હાલ સ્થગિત રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૩૯. તા૨૪/૧૧/૨૦૨૧ના રોજની ખરીદી સમિતિની સભાની મિનિટ્સનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ:— ૩૯ તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ યોજાયેલ ખરીદ સમિતીની મીટીંગની મીનીટ્સની બહાલી બાબતે ક્રમ નં.૧ સ્ટેશનરીના વાર્ષિક ટેન્ડરની પ્રક્રિયા તથા ક્રમ નં.૨ મીનરલ વૉટરના વાર્ષિક ટેન્ડરની પ્રક્રિયા અને ઠરાવ ન—૨ સફાઇ અને સિકયુરીટીના વાર્ષિક ટેન્ડરની પ્રક્રિયાને બહાલી આપવા અને મીનિટ્સ નોંધના ઠરાવ નં.૦૧ અને ૦૩ના મુદ્દામાં જે તે હેડ હેઠળની ગ્રાન્ટમાંથી જ ખર્ચ કરવામાં આવે છે કે નહિ તેની સ્પષ્ટતા સાથે આગામી એક્ઝિકયુટીવ કાઉન્સીલની સભામાં રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૪૦. કરાર આધારીત શૈક્ષણિક કર્મચારીશ્રીઓના પગાર વધારાની રજૂઆત બાબત.

ઠરાવ:— ૪૦ કરાર આધારીત શૈક્ષણિક કર્મચારીશ્રીઓના પગાર વધારાની રજૂઆત નામંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૪૧. કરાર આધારીત શૈક્ષણિક કર્મચારીશ્રીઓની સેવાલાભ આપવા અંગેની રજૂઆત બાબત.

ઠરાવ:— ૪૧ કરાર આધારીત શૈક્ષણિક કર્મચારીશ્રીઓની સેવાલાભ આપવા અંગેની રજૂઆત નામંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૪૨. ડો.કે.એમ.ત્રિવેદીની જૂથ વિમાની કામગીરી અંગેની રજૂઆત બાબત.

ઠરાવ:— ૪૨ ડો.કે.એમ.ત્રિવેદીની જૂથ વિમાની કામગીરી અંગેની રજૂઆત અન્વયે તેઓશ્રી કામગીરી ખૂબ જ સારી હોતા જૂથ વિમાની કામગીરીની જવાબદારી ચાલુ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૪૩. પરીક્ષા ફી વધારા બાબત.

ઠરાવ:— ૪૩ પરીક્ષા ફી વધારો શૈક્ષણિક વર્ષ:૨૦૨૨—૨૩થી પ્રથમ વર્ષે ક્રમશઃ અમલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૪૪. આઉટસોર્સિંગથી સ્ટાફની ભરતી બાબત.

ઠરાવ:— ૪૪ આઉટસોર્સિંગથી સ્ટાફની ભરતી GeM મારફતે કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી
ભુજ

નકલ સવિનય માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.